અપીલ અરજી નં.૪૩૭ તા.૧૦–૩–૧૦

અરજદારઃ– ૧.શ્રી સુર્યકાન્ત બુધાભાઈ પાટીલ
સામાવાળાઃ– ૧. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન)
૨. ત્રાહિત શ્રી ગંગુબેન બુધાભાઈ પાટીલ/ચંદ્રકાંતભાઈ બુધાભાઈ પાટીલ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુર્યકાન્ત બુધાભાઈ પાટીલની તા.૩૦–૧૨–૦૯ ની અરજીથી ૩૦એ–૦૫–૦૦૦૧–૦–૦૦૧ ની તુમારની કોપી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૭/૨૦૦૯–૧૦

શ્રી સુર્યકાન્ત બુધાભાઈ પાટીલની તા.૩૦–૧૨–૦૯ની અરજીથી ૩૦એ–૦૫–૦૦૦૧–૦–૦૦૧ ની તુમારની કોપી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ (આરટીઆઈ)/૧૯૭૧ તા.૧૯–૨–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૭૭ તા.૨૨–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ફી ની વિગત તથા મુળ અરજી સમયે મિલ્કતમાં આપનું હિત છે તેવી રજુઆત કે દાવો કરેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૨૪૩ તા.૩૦–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરકમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ત્રાહિત વ્યકિતને માહિતી અંગે સંમતિ મેળવવા કલમ–૧૧ હેઠળ પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૭૯૬ તા.૨૭–૧–૧૦ ના પત્રની નકલ, ત્રાહિત પક્ષકારે માહિતી ન આપવા લીધેલ વાંધા અંગે તા.૪–૨–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવા અંગે લીધેલ નિર્ણયના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૯૭૧ તા.૧૯–૨–૧૦ ના પત્રની નકલ, કચેરી રીપોર્ટ તા.૧૭–૨–૧૦ ની નકલ, અરજદારને પત્ર નં.૧૭૯૬ અને ૧૯૭૧અંગે કરેલ યુપીસીના પુરાવાની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩–૪–૧૦ ના પત્રથી રેશનકાર્ડની નકલ, અરજી ફી ભર્યાની વિગત, પેઢીનામાની નકલ, પેઢ ીનામાનું એફીડેવીટની નકલ, પત્ર નં.૧૯૭૧ તા.૧૯–૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૩૦–૧૨–૦૯ ની અરજીથી ટેનામેન્ટ નં. ૩૦એ–૦૫–૦૦૦૧–૦–૦૦૧ ની તુમારની કોપીની માહિતી માંગવામાં આવેલ છે. જે મિલ્કત પ્લોટ નં.૧/એ–બી, આર્વિભાવસોસા.વિ–૨ , પાંડેસરા જે મિલ્કતના હાલના કબ્જેદાર ગંગુબેન બુધાભાઈ પાટીલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની માહિતી ત્રાહિત વ્યકિતને લગતી હોઈ કબ્જેદાર નામધારક ગંગુબેન બુધાભાઈ પાટીલને પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/૧૭૯૬ તા.૨૭–૧–૧૦ થી ત્રાહિત વ્યકિત તરીકે તેમની માહિતી આપવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જે તા.૫–૨–૧૦ સુધીમાં અભિપ્રાય આપવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને ત્રાહિત વ્યકિતના પુત્ર ચંદ્રકાંત બુધાભાઈ પાટીલ સદર મિલ્કત બાબતે માહિતી આપવા સામે વાંધો લીધેલ છે અને જેમાં માહિતી માંગનાર ૧૫ વર્ષથી અલગ રહે છે અને તેઓના ભાગનો ભાગ હક કે હિસ્સો લાગ–ભાગ આપી દીધેલ છે. તેઓને મિલ્કત સાથે કોઈ સંબંધ લાગતો નથી જે મિલ્કત તેઓની પુત્રી માયાબેન તે બુધાભાઈ પાટીલની છોકરી આપી ગયેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં ભોગવટો કરનાર શ્રી ચંદ્રકાંત બુધાભાઈ પાટીલે માહિતી આપવા અંગેનો વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ છે. જેથી જાહેર માહિતી અધિકારીએ સદર વાંધાના અનુસંધાને માહિતી આપવાનો ઈન્કાર કરતો નિર્ણય જણાવેલ છે. જે બાબતેઅરજદારે તા.૧૦–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી સ્વર્ગસ્થ શ્રી ગંગુબેન બુધાભાઈ હીલાલ પાટીલના નામે ચાલે છે તેવો તા.૧૦–૨–૦૯ ના રોજ અવસાન પામેલ છે. અરજદાર અમો તેમના સગા પુત્ર છીએ અને મિલ્કતના સીધી લીટીના વારસદાર થતાં રેકર્ડ ઉપર ચઢાવવા જે જરૂરી છે અને અમો કાયદેસરના હકદાર છીએ અમારા માતા પિતા ગુજરી ગયા હોવા છતાં મોટા ભાઈ ચંદ્રકાંત બુધાભાઈ પાટીલ માતા પિતાની મિલ્કત ઉપર જબરદસ્તી કબ્જો કરી બેઠેલ છે જેથી માહિતી ન આપવા સામે વાંધો ઉઠાવેલ છે. જે અંગે પુરાવારૂપે પેઢીનામું રેશનકાર્ડની નકલ અપીલ સાથે રજૂ કરેલ છે. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે તે ગેરકાયદેસર છે. મિલ્કતના માલિક મર્હુમ માતાશ્રી વાંધો લેવા આવી શકે તેમ નથી આથી માહિતી આપ્યાનો ઈન્કાર કર્યાનો હુકમ રદ કરી માંગ્યા મુજબની માહિતી આપવા રજૂઆત કરેલ છે.અરજદારે અપીલ અરજીમાં રજૂ કરેલ પુરાવા પેઢીનામું અને પેઢીનામાની એફીડેવીટ તેમજ રેશનકાર્ડની વિગતો જોતાં અરજદારનું મિલ્કતમાં હિત હોવાનું જણાય છે. આથી અરજદાર ત્રાહિત વ્યકિત અને જાહેર માહિતી અધિકારીને તા.૯–૪–૧૦ ના રોજ ૩.૪૫ કલાકે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭ તા.૫–૪–૧ ૦ થી સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર કે ત્રાહિત બંનેમાંથી કોઈ પણ પક્ષકાર હાજર રહયા ન હતા. જેમાં અરજદારને અપીલ અરજીમાં જણાવેલ મોબાઈલ નંબર ૯૯૭૮૮ ૨૫૨૬૭ તા.૮–૪–૧૦ ના રોજ ૧.૫૦ કલાકે ટેલીફોનીક જાણ કરી હાજર રહેવા સૂચિત કરવામાં આવેલ. તેમ છતાં ઉપસ્થિત રહેલ નથી. જયારે ત્રાહિતે કોઈ પણ ટેલીફોનીક સંપર્ક નંબર જણાવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી એ.આર.ઓ (ઉધનાઝોન) હાજર રહી જણાવ્યું હતું કે નામધારક ગંગુબેનને નોટીસ આપવામાં આવેલ પરંતુ ગંગુબાઈ હયાત ન હોય તેમના વતી તેમના પુત્ર ચંદ્રકાંતભાઈએ વાંધો રજૂ કરેલ છે. મિલ્કત ગંગુબાઈના નામે છે તેથી તેમના પુત્રનો વાંધો ધ્યાને લઈ કલમ–૧૧ હેઠળ દસ્તાવેજની નકલ આપવા ઈન્કાર કરેલ છે તેવી રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે સુર્યકાંત બુધાભાઈ પાટીલે રજૂ કરેલ પેઢીનામું ધ્યાને લઈ અરજદારને તેમની મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ–૧૧ હેઠળ ઈન્કાર કરેલ દસ્તાવેજી માહિતી દિન–૧૫ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુર્યકાંત બુધાભાઈ પાટીલ